# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2024** **Morning : 7.10 to 7.20**

**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- **કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણીમાં ભાગ લેશે**
- **લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આજે અમદાવાદની મુલાકાતે**
- **નીટ યુજી પરિક્ષા રદ ન કરવા કેન્દ્ર સરકારની સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત**
- **2025ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરિક્ષા માર્ચને બદલે ફેબ્રુઆરીમાં યોજાશે**
- **આજે અને આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH- GUJ. VISIT

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે આજે ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

સવારે સાડા દસ વાગ્યે ગાંધીનગરથી રાષ્ટ્રીય કક્ષાના સહકારથી સમૃધ્ધિ કાર્યક્રમનો આરંભ થશે. ત્યારબાદ શ્રી અમિત શાહ બપોરે બે વાગ્યે બનાસકાંઠાના ચાંગડા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત અને મહિલા દૂધ ઉત્પાદકોને શૂન્ય ટકા વ્યાજના રૂપેય ક્રેડિટ કાર્ડનું વિતરણ કરશે. સાંજે પાંચ વાગ્યે ગોધરાના મહુલિયા ગામે સહકારી પાયલોટ પ્રોજેક્ટની મુલાકાત લેશે. જ્યારે સાંજે પોણા છએ ગોધરાના પંચામૃત ડેરી ખાતે રાજ્યની તમામ જીલ્લા સહકારી બેન્કો અને ડેરીના ચેરમેનો સાથે બેઠક યોજશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ અને સહકાર મંત્રાલયનો સ્થાપના દિવસ એક જ દિવસે ઉજવવામાં આવશે. જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે પ્રથમવાર સહકારિતા દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ગુજરાતમાં કરવાનો નિર્ણય લીધો છે.આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાષ્ટ્રીય કક્ષાના સહકારના પ્રતિનિધીઓ, દૂધ મંડળીઓ સંઘો, સહકારી બેન્કો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદના જમાલપુર ખાતે જગન્નાથ મંદિરમાં સવારે ચાર વાગ્યાની મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ નારણપુરામાં આધુનિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્લીમ્સનું ઉદઘાટન કરશે. ત્યારબાદ આંબાવાડી ખાતે અમીન પીજેકેપી વિદ્યાર્થી ભવનનું ઉદઘાટન કરશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# Rahul Gandhi in Gujarat

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આજે ગુજરાતની મુલાકાતે આવશે. શ્રી ગાંધી આજે બપોરે અમદાવાદ એરપોર્ટ પર આવશે. ટૂંકા રોકાણ દરમિયાન તેઓ કાર્યકરોને સંબોધશે.

શ્રી ગાંધીએ લોકસભામાં એક ધર્મ અંગે કરેલા નિવેદનને પગલે તાજેતરમાં અમદાવાદના કોંગ્રેસ કાર્યાલય ખાતે તોડફોડ થઈ હતી. આ ઘટના બાદ ગુજરાત કોંગ્રેસે રાહુલ ગાંધીને અમદાવાદ આવવા નિયંત્રણ આપ્યું હતું.

શ્રી ગાંધીની મુલાકાત પૂર્વે ગઈકાલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે રાજીવ ગાંધી ભવન ખાતે જિલ્લા પ્રમુખો સાથે બેઠક યોજી હતી.

તેમણે ગુજરાત પ્રદેશ સંગઠનના પ્રભારીઓ અને વરિષ્ઠ સાંસદ મુકુલ વાસનિક સાથે પણ બેઠક યોજી હતી.

સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યક્રમમાં જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------

---ડેસ્ક અનિલ આર પટેલ

# Auda Development work

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)ના હસ્તકના શેલા-સનાથલ-તેલાવ-મણિપુર-ગોધાવી વિસ્તારની ટી.પી. સ્કીમમાં રોડ-રસ્તાના ૧૦૦ કરોડ રૂપિયાનાં કામો, પાણી પુરવઠાના ૨૮૫ કરોડ રૂપિયાનાં કામો તથા ડ્રેનેજને લગતા ૨૪૦ કરોડનાં પ્રોજેક્ટની કામગીરી હાલમાં પ્રગતિમાં છે તથા ૧૮૦ કરોડ રૂપિયાનાં સ્ટોર્મ વોટર નેટવર્કનાં કામો આયોજન હેઠળ છે, જે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે એમ ઔડાએ જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં, અમદાવાદમાં પડેલા ૭થી ૮ ઇંચ વરસાદમાં શેલા વિસ્તારમાં વરસાદી પાણી તથા ગટરના પાણી ભરાવાની ફરિયાદો આવી હતી. આ સંદર્ભે ઔડા દ્વારા ટૂંકા ગાળાનું આયોજન કરી સમસ્યાનું નિવારણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શેલા વિસ્તારમાં ૩૫ જેટલી નાની મોટી સોસાયટી કે ટાઉનશીપ આવેલી છે. અહીં ૧૦૦ યુનિટથી વધુ મકાનો ધરાવતી સોસાયટીને વપરાશ પરવાનગીના સમયે પ્રવર્તમાન GDCRના નિયમાનુસાર સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા સોસાયટી કક્ષાએ કરવાની શરતને આધારે વપરાશ પરવાનગી આપવામાં આવી હતી. તેમ છતાં, ડેવલપર્સ કે સોસાયટી દ્વારા ઔડામાં આપવામાં આવેલી તેમની બાંહેધરીનું પાલન કરવામાં આવ્યું નથી તથા બિન-અધિકૃત રીતે ડ્રેનેજ જોડાણ કર્યું છે. ઔડા દ્વારા ૨૮ જેટલી સોસાયટીઓને આ અંગેની નોટિસ પણ પાઠવવામાં આવી છે.

---

- પીટીસી અમદાવાદ અનિલ આર પટેલ

-(NAVIN)

# NEET-PG EXAM

કેન્દ્ર સરકારે શુક્રવારે સોગંદનામુ દાખલ કરીને ભારપુર્વક રજૂઆત કરી છે કે 5 મેનાં રોજ યોજાયેલી નીટ યુજી પરિક્ષા રદ ન કરવામાં આવે. મેડિકલ પ્રવેશ પરિક્ષા નીટ-યુજીમાં ગેરરિતી મુદ્દે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થાય તે પહેલાં સરકારે જણાવ્યું છે કે પરિક્ષાને સંપૂર્ણપણે રદ કરવાથી પરીક્ષામાં હાજર રહેલા લાખો પ્રામાણિક ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળશે.

સોગંદનામામાં કેન્દ્રએ તમામ સ્પર્ધાત્મક પરિક્ષાઓ નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજવાની તેની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ પણ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું છે કે પરિક્ષા રદ કરવાથી લાખો પ્રામાણિક ઉમેદવારોનાં ભાવિ સામે પ્રશ્નાર્થ ઊભો થશે.

**તબીબી વિજ્ઞાનમાં અનુસ્નાતક માટેની NEET – PGની પ્રવેશ પરીક્ષા 11 ઑગસ્ટના રોજ, બે ભાગમાં લેવાશે.**

**તબીબી વિજ્ઞાન સંદર્ભેના રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડે પરીક્ષાનું નવું સમયપત્રક જાહેર કર્યું છે. ગત મહિને નીટ-યૂજીમાં કથિત ગેરરીતિ બાદ આ પરીક્ષા રદ્દ કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ પરીક્ષાની નવી તારીખ જાહેર કરાઈ છે.**

---

--ડેસ્ક પુલ, અનિલ આર પટેલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Education Board.. Calendar

વર્ષ 2025ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને ધોરણ 12ની પરિક્ષા માર્ચને બદલે ફેબ્રુઆરીમાં યોજાશે. શિક્ષણ બોર્ડે ગઈકાલે 2024-25નાં પ્રસિધ્ધ કરેલા કેલેન્ડર પ્રમાણે ધોરણ 10 અને 12ની પરિક્ષા 27 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને 13 માર્ચનાં રોજ પૂર્ણ થશે. અત્યાર સુધી ગુજરાત બોર્ડની પરિક્ષા માર્ચમાં શરૂ થતી હતી.

વર્ષ દરમિયાન 237 દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. પ્રથમ શૈક્ષણિક સત્ર 27 ઓક્ટોબર સુધી ચાલશે, ત્યારબાદ 28 ઓક્ટોબરથી 21 દિવસનાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. બીજું સત્ર 18 નવેમ્બરથી શરૂ થશે. ઉનાળુ વેકેશન 5 મે થી 8 જૂન સુધીનું રહેશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન 18 જાહેર રજાઓ તથા 6 સ્થાનિક રજાઓ રહેશે

-----------------------------------------------------------------

----ડેસ્ક. પીટીસી અનિલ આર પટેલ

# ATS- HEROIN

ગુજરાત એટીએસ દ્વારા એક અફઘાન નાગરિકને ૪૬૦ ગ્રામ હેરોઇન સાથે દિલ્હીથી ઝડપી લેવામાં આવ્યો છે.

પાકિસ્તાની ડ્રગ માફિયા સાથે મળીને ગેરકાનૂની હેરોઇનના જથ્થાને ઓમાનના દરિયામાંથી ગુજરાતના વેરાવળ દરિયા કિનારે ઉતારી દિલ્હીમાં ડિલિવરી કરવાના કાવતરાનો પર્દાફાશ ૫મી માર્ચના રોજ એટીએસ દ્વારા કરવામાં આવ્યો હતો.

આ અંગે ATSના ડીઆઇજી સુનિલ જોશીએ વધુમાં જણાવ્યું...

**(બાઇટ- સુનિલ જોશી)**

---

- ડીડી-જયેશ પટેલ-યશ્વી

# RAIN

સમગ્ર રાજ્યમાં ચોમાસુ જામ્યું છે, હવામાન વિભાગે આજે અને આવતીકાલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરી છે.

વિભાગના જણાવ્યા મુજબ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દીવ, દાદરા નગર હવેલીમાં આજે અને આવતીકાલે અતિભારે વરસાદ થઈ શકે છે જેથી તેના માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, આ ઉપરાંત રાજ્યના મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે, જેમાં અમદાવાદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, વડોદરા જિલ્લાનો સમાવેશ થાય છે, જ્યારે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ અને મોરબીમાં પણ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે, આ જિલ્લાઓ માટે યલ્લો અલર્ટ આપવામાં આવ્યું છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં 20 સેન્ટિમિટર અને વડગામ તાલુકામાં 10 સેન્ટિમિટર જેટલો વરસાદ વરસ્યો છે. જયારે વલસાડમાં 9 સેન્ટિમિટર, સિલ્વાસા અને કડાણામાં 8, શહેરા, ખાનપુર માં સાત, કઠલાલ, ગળતેશ્વર, પાલનપુર, કુકરમુંડા અને ઠાસરામાં પાંચ સેન્ટિમિટર વરસાદ નોધાયો છે.

---------------------------------------------------------------------

- હવામાન વેબ / જયેશ વેગડા

-(NAVIN)